

એક છોકરો જ્યારે પિતા બને...
લેખક
દેવ કમલેશકુમાર ભાઠેલા

એક છોકરો જ્યારે પિતા બને...

લેખક :

<u>દેવ કમલેશકુમાર ભાઠેલા</u>

દુનીયા મા ધણા મુશ્કીલ કામ છે. ધણા બધા મુશ્કીલ કામ છે. પણ મુશ્કીલ કામ મા નુ એક કામ છે છોકરો હોવુ. મે ના હિન્દુ, ના મુસલમાન, ના શીખ, ના ઈશાઈ, ના ખ્રિસ્તી. હું એક છોકરો છુ. છોકરો હોવુ કોઈ સહેલી વાત નથી. પોતાના જનમ થી જ પરિવાર ની આશા નો બોજ હોય છે. તમે શું જાણો એક છોકરા ના દિલ માં કેટલો દર્દ હોય છે.

નાનપણ થી જ એને શીખવાડવામાં આવે છે. તું એક છોકરો છે અને એક છોકરો ક્યારેય નથી રડતો વાગી ને લોહી પણ નિકરી જે તો પણ એ કોઈ ને ક્યારેય નથી કહેતો. અને જે બહાદુરી નો ભાર મુકવામાં આવે છે એની પર એના આશુ ને એની પાછળ સંતાવીને એ જિંદગી ભર એ જીવે છે. તમે શું જાણો એક છોકરા ના દિલ માં કેટલો દર્દ હોય છે.

એ બેરોજગારી ની શરમ અને બહેન ના લગન ની ઉધારી જેને સાચા દિલ થી પ્રેમ કરી ને છોકરી એ સાથ છોડી દીધો હોય અને પોતાની જિંદગી ખલાશ કરી નાખવાનો વિચાર એના માં પણ આવે છે. પછી એની માં નો ચહેરો અને પાપા ની પર્વરીશ. એની આંખ ની આગળ આવા માંડે છે મરી જસે એના માં બાપ નું શું થશે. એ સાંભરીને એનું દિલ જોરથી ધબકે છે અને એ જ તૂટેલા દિલ સાથે જિંદગી ભર જીવે છે. તમે શું જાણો એક છોકરાના દિલ માં કેટલો દર્દ હોય છે.

જિંદગી ક્યારે પોતાની નથી જીવતો, એ બસ બીજા માટે ક્યારેક માં બાપ માટે તો ક્યારેક પત્ની માટે ની તો ક્યારેક છોકરા માટે એને બદલા માં કે જ નથી માંગતો કોઈ પણ શરત વગર જીવે છે.



એ બધા ની ફરમાઇસ પુરી કરે છે અને પોતાની જરૂરિયાત વિશે કોઈ ને કેતા પણ નથી. છોકરા જ છે જે ખભા પર જીમ્મેદારી ઊચકી રાખે છે પણ તે અવાજ પણ નથી કરતાં. એમ તો એના દિલ માં સમુદ્ર ભરેલું હોય છે પણ આંખ માં આશુ પણ નથી આવવા દેતા. ને જેટલું વિચારો છો એટલી છોકરા ની લાઇફ સહેલી નથી હોતી ઘર નો મોટો હોય કે નાનો એના ખભો જીમેદારી થી ભરાયેલો જ હોય છે. પોતાના પરિવાર

માટે એ પોતાના પરિવાર થી જ દૂર રહે છે અને ઘર વારા હેરાન નહીં રહે એની ફિકર માં એટલે કોલ પર એમ જ કહે છે કે મને સારું છે. છોકરી ની વિદાય પર બધા રડશે. પણ આ છોકરા ના ઘર છોડવાથી કઈ ખાસ નથી હોતું. જેટલું વિચારો છો એટલું સહેલું નથી હોતું છોકરા હોવું.

ઘર છોડી ને બહાર જે છોકરો જાઇ છે તે ઘરે હોય ત્યારે ઊભો થાય ને પાણી પણ નથી લેતો પણ એ છોકરો ત્યાં કપડાં જાતે ધોઇ છે. ઘર નો લાડલો છોકરો એ હવે એકલા માં જઇ ને રડે છે. ખાલી છોકરી જ નહી છોકરા પણ પારકા હોય છે. માથું દુખે છે એવું કહી ને આખો દિવસ પથારી માં હોય. હવે એ તબિયત ખરાબ હોય તો પણ કામ થી બ્રેક નથી લેતો, આખો આખો દિવસ સુવા વારો છોકરો આખી આખી રાત જાગે છે. જેને અંધારા થી બીક લાગતી હતી, એ જ હવે અંધારા માં જ સૂઈ જાય છે. પાપા ના બોલવા પર માં ને કેવા વાળા હવે દુનિયા ના નખરાં અને ગુસ્સો સહન કરે છે.

ખાવા માટે 100 નખરાં કરવા વાર હવે કઈ પણ ખાઈ લે છે. મમ્મી ને બાજી ને સુવા વારો છોકરો પણ એ હવે પથારી વગર સૂઈ જાય છે. બહેન ને વાત વાત પર બોલવા વારો એ ભાઈ એને યાદ કરીને રડે છે. જે છોકરા આખો દિવસ ઘર માં મસ્તી કરતા હોય છે એ જ હવે મહેમાન બની ને પોતાના ઘરે જે છે. છોકરા પણ પારકાં જ કેવાય છે ને?

પાપા ના નામ થી ભલે ઓડખાય છે, પણ તેને પોતાની અલગ ઓડખાન બનાવવી પડે છે. એ છોકરો કોઈ નું નહીં સાંભરતો હોય તે જ છોકરો હવે બધા નું સાંભરી ને મોણ રહે છે. મુશ્કેલી તો એના બધા જ રસ્તા પર હોય છે પરંતુ એ ક્યારેય હિંમત નથી હારતો.

એક મિડલ ક્લાસ છોકરો સપના જોવા માં ખુબ હોશીયાર હોય છે. સવારે ઉઠી ને વિચારે છે કે માં-બાપ નું નામ રોશન કરીશ. એક મોટું ઘર લેવા અને એમાં શાંતિ થી રહેવા. અને મારા નાના ભાઈ બહેન ના બધા સપના પૂરા કરીશ જે એ લોકો કરવા માંગે છે. બસ આવા જ સપના સાથે એની સવાર થાય છે અને આવા જ સપના સાથે એની રાત પડે છે. અને એ છોકરો જ્યારે સુવા જાય છે ત્યારે પણ એ વિચારતો હોય છે કે જ્યાં અમીર છોકરાઓ મોજ મસ્તી કરે છે. અને અમારે અત્યારે ઘર ની જવાબદારી સાચવાની છે. છોકરા એ જીવન માં ઘણી વસ્તુ નો સામનો કરવો પડે છે. એ સામનો કરે છે એના પરિવાર ની આર્થિક સમસ્યા નો. પણ એ કોઈ ને કહેતો નથી. એ એના દિલ માં જ રાખે છે.

ઘર નો મોટો છોકરો હોવું એ પણ બહું જ મુશ્કીલ હોય છે. ઘર ને સાચવવા માટે તે જ મોટો છોકરો ઘર વગર નો થઇ જાય છે કેમ કે એને ઘર ને સાચવવા નું હોય છે. ખુશનસીબ હોય છે એ લોકો જે પરિવાર સાથે રહે છે ઘર નો મોટો છોકરો હોવું કોઈ સહેલી વાત નથી.



છોકરો એના જીવન કાળ માં રડવાનો પૂરો પ્રયત્ન કરે છે પણ દુનિયા એને રડવા જ નથી દેતી, છોકરો જન્મે છે ત્યારે રડે છે, પછી મોટો જેમ થાય ત્યારે એને કેવા માં આવે કે તું છોકરો છે છોકરો ક્યારે નહીં રડે. પછી વાગે ત્યારે રડે તો ત્યારે પણ એ જ કેવામાં આવે કે છોકરા ક્યારેય નથી રડતાં અને એમ કહી ને ચુપ કરાઇ દેવામાં આવે છે. આ સાંભર્તા સાંભર્તા જ છોકરા ની જિંદગી અડધી નિકળી જે છે. તમને ખબર છે આ સાંભરી ને છોકરો અંદરો અંદરો કેટલું જ રડે છે એ ખાલી છોકરો જ જાની શકે છે.

છોકરા ને નાનપણ થી જ કહી દેવામાં આવે છે કે એને શું કરવાનું છે તે એને અને એની ઈચ્છા પુછવામા આવતી જ નથી. છોકરા ના દિલ માં પણ ખૂબ જ દર્દ હોય છે. છોકરો ૧૦ વર્ષ નો હોય ત્યારે એને સ્પેસ માં જવું હોય છે છોકરો ૧૫ વર્ષ નો થાય છે ત્યારે એને સાઇંટિસ્ટ બનવું હોય છે. પછી એ જ છોકરો ૧૭ વર્ષ નો થાય છે ત્યારે એ વિચારે છે કે આપણે ધંધો નાખીશું પણ એ જેમ જેમ મોટો થાય છે ને એના પાપા ની જેમ વિચારે છે ત્યારે એને એમ જ થાય છે કોઈ સારી કંપની માં નોકરી મળી જાય તો સારું બસ આવી રીતે જ એના સપનાઓ અધૂરા રહી જાય છે. તમને ખબર છે ઘર ના બધા થી મોટો છોકરો સપના નું બલિદાન આપે છે. બધી જ રીતે ભણવાનું થી માંડી ને એના સપના નું પણ બલિદાન આપી દહે કે કેમ ક એ ઘર નો મોટો છોકરો છે એને જ ખબર હોય છે ઘર માં કેવી પરિસ્તીથી ચાલી રહી છે. ઘર નો મોટો છોકરો પણ બાપ સમાન જ હોય છે. એ મોટો છોકરો ઘર નો બીજો બાપ જ હોય છે.

બળાત્કાર કોઈ કરે છે ને એમા બધા છોકરા નું નામે આવી જાય છે લોકો કહે છે. બધા છોકરા એક જેવા જ હોય છે. પણ રિયલ માં એક જેવા નથી હોતા. અમુક છોકરા હોય છે એવા. પણ એના લીધે બધા છોકરા ને એક જેવા માની લેવું નહીં જોઈએ. તમે છોકરા ને જેટલી

રિસ્પેક્ટ કરશો એટલી ડબલ એ તમારી સામેથી રિસ્પેક્ટ કરશે. બધા એક જેવુ નહીં સમજવાનું.

મિત્રો, તમને ખબર છે, છોકરો એની આખા જીવન માં એના પપ્પા ને બાજી ને રડવા ની હિંમત થતી જ નથી કરી શકતો. જો ઘરે પપ્પા હોય તો બાજી લેજો એમને ખૂબ જ ખુશ થઇ જશે પપ્પા. થોડી હિંમત કરી લેજો. પપ્પા તમારી થી ગુસ્સે હશે ને તો પણ એ તમને તરત જ માફ કરી દેશે.

છોકરા ની અંદર લાખો દુ:ખ હોય છે. એ છોકરા કોઈ ને કહેતો પણ નથી. કોણ કહે છે કે છોકરા ને રડતાં નથી આવડતું. એ તો તમને પુછતાં નથી આવડતું. ઇજ્જત અને પૈસા બંને કમાવાના છે. આપણા ખાનદાન નો વારિશ હોય છે તે છોકરો. છોકરા એ મોટું નામ બનાવવાનું છે. એની જિમ્મેદારી થી એ હતી નથી શકતો. એના ખભા પર જે બોજ છે એ હતી નથી શકતો. બાપ ની ઉંમર થઇ ગઈ છે. હવે ઘર એને ચાલવાનું છે. હવે જલસા મુક અને પોતાને આગળ લઈ જા. હવે પરિવાર માટે વિચાર તારા માટે ઓછું વિચાર તારી કોઈ હવે કોઈ જિંદગી નથી. હવે સપના ઓછા જો આ બધુ છોકરા ને કહેવામાં આવે છે. આ છોકરા ને કોઈ નથી સમજી શકતું.



હવે રડવાનું બંધ કર છોકરાઓ નથી રડતાં જે રડે એને છોકરી કહેવાય છે, બસ આમ જ કહી ને એ છોકરા ને ચુપ કરી દેવાય છે. અને એ છોકરો આખી જિંદગી અંદર ને અંદર જ રડતો રહે છે. એને એવું જ કહેવા માં આવે છે કે હવે તારી ઉમર જો કમાવા પર ધ્યાન આપ અમે જે કહીએ છે તે જ કરવાનું છે, તારે દોસ્તરો સાથે ઓછું બેસ તારી જિંદગી પર ધ્યાન આપ. બસ આવું જ સાંભરતો રહે છે એ છોકરો.

ખબર છે મિત્રો, છોકરા ને લાડ, પ્રેમ થી વધારે એને જવાબદારી મળી જાય છે. એને નાનપણ થી એ જ શિખવામાં આવે છે કે બહું જ મુશકેલી થી પૈસા કમાવાય છે. એને તો એ જ કહેવામાં આવે છે

છોકરો રડતો નથી. જ્યારે છોકરો એની જવાની માં જે છે ત્યારે એને પહેલું કદમ મુકે છે ત્યારે એને એના ખર્ચ વિશે પણ જણાવવા માં આવે છે. તું એંજીનિયર બનવું હોય કે ડોક્ટર બન કે કઇ પણ કર બસ ૨૫ વર્ષ ની ઉમર સુધી સારું એવું કમાતો થઇ જા. પછી લગન કરવાના છે છોકરા આવશે પછી સંસાર સાચવવાનો છે. એ છોકરા ને પણ વિચાર આવે છે કે હું ની હોવા તો મારા ગયા પછી મારા પરિવાર નુ શું? એ વિચારતો હોય છે તમે ક્યારેક છોકરો બની ને તો જોવો કેટલું અઘરું હોય છે.

બધા ના ઘર માં ૧ વસ્તુ સરખું જ સાંભરવા મળે છે. કે સાસુ અને વહુ ના જગડા થાય છે. ક્યારેક માં ના તાના થી પત્ની ની દિલ તુટી જાય છે. અને પત્ની ના કારનામાં માં થી માં નું કલેજું ફાટી જાય છે. ક્યારેક માં સાચી હોય છે પણ પત્ની ખોટી હોય છે પણ દર વખતે જરૂરી નથી કે દર વખતે પત્ની જ ખોટી હોય છે. એક ની આંખ નો તારો છે અને બીજા નો માંગ માં સિંદુર ભરેલું હોય છે. પણ એને કોણ સમજસે આખા દિવસ નો થાક હોય છે એની પર માં અને પત્ની ની વચ્છે ઘઉં ની જેમ પીસાતો હોય છે. ખાલી એ છોકરો જ જાણે છે એની હાલત શું થાય છે.

એને એનું અને એના પરિવાર નું ભવિષ્ય જોવાનું હોય છે. ખૂબ જ પૈસા કમાવા ના છે કેવી રીતે, શું કર્સે બધુ તારે જોવાનું પણ પૈસા

કમાવાના છે. તમે એક વાર જરૂરત ની ઉકરતી ભટ્ટી મા જાય ને તો જો તમે ખાલી ૧ વાર છોકરો બની ને તો જો.

મિત્રો, કોઈ બીજા ની નાની ભૂલ માટે બધા છોકરા ને એક જેવા સમજી લેવામા આવે છે. અને બધા છોકરા એટલા ખરાબ નથી હોતા જેટલા એને બનવામાં આવે છે. એ માણસ છે ભગવાન નહીં ભૂલ એનાથી પણ થાય જે છે. બસ માં સફર કરતી વખતે છોકરી જરાક ટચ પણ થઇ જાય છે. તો બધા છોકરા ને જ ખોટો સમજે છે. પણ ક્યારેક બેલેન્સ પણ ખોરવાઇ જાય છે. નહી તો ક્યારેક છોકરી પણ એવી હોય છે. છોકરા દર વખતે ખોટા નથી હોતું.

ખબર છે તમને છોકરા ના જીવનમા ગણા સંઘર્ષો છે. જ્યારે તે સ્કુલ માં હોય છે ત્યારે તે સારા માર્કસ લાવવાની અપેક્ષા હોય છે, જ્યારે તે કોલેજ માં જાય ત્યારે તે પોતાના કેરિયર પર ધ્યાન આપે એવી અપેક્ષા હોય છે. જ્યારે તે કામવા લાગે ત્યારે તે ઘર ની જવાબદારી સાચવી લઇ એવી અપેક્ષા રાખીએ છે, જ્યારે તેમના લગન કરવાનું વિચારીએ તો ત્યારે તે સારું કમાતા હોય એવી અપેક્ષા રાખે છે. જ્યારે તેનું સગપણ થાય ત્યારે તે છોકરી ના બધા સપના પુરા કરી શકે એવી અપેક્ષા રાખીએ છે. જ્યારે તેમના મેરેજ એનીવરસરી આવે ત્યારે તે પોતાની પત્ની ને મોંઘી ગિફ્ટ આપે એવી અપેક્ષા રાખીએ છે. જ્યારે તે પિતા બને ત્યારે તે બાળક ના

બધા સપના પુરા કરે એવી અપેક્ષા રાખીયે છે. જ્યારે તેમના થી કોઈ તારીખ ભૂલે જાય ત્યારે તેને બેજવાબદાર કહેવામાં આવે છે. જ્યારે એના થી કોઈ પારકી સ્ત્રી ને ભૂલથી અડકાઈ જાય તો એણે લફંગો કહેવામાં આવે છે. જ્યારે તે રડે ત્યારે એણે બાયલો કહેવામાં આવે છે. જ્યારે તેમનું પેટ વધી જાય કે માથા ના વાર ઉતરી જાય તો તેની મજાક ઊડવામાં આવે છે. કેટલો બધો ભાર તેમના ખભા પર હોય છે પણ તેને ક્યારે નથી જાણી શકતા.



દીકરો જેમ જેમ મોટો થાય છે તેમ તેમ એના સપના ઓછા થઇ જાય છે. છોકરો હોવું પણ સહેલું નથી. એ ઘરે બેસી જાય તો સમય બર્બાદ કરે છે. અને ઘર ની બહાર જાય તો આવારા કહેવામાં આવે છે. ઓછું બોલે તો ગુંગો અને વધારે બોલે તો બદતમીજ કહેવામાં આવે છે. પૈસા નહી કમાય તો પત્ની અને છોકરા ને કેવી રીતે સાચવશે અને પોતના શૉક પૂરા કરે તો ગમંદી કહેવામાં આવે છે. કઈક અલગ કરવા જાય તો બાબંદી લગાવમાં આવે છે. અને ઘરેથી પૈસા માંગે તો જાતે ક્યારે કમાશે આવું સાંભરવા મળે છે. કોઈ છોકરી સાથે પ્રેમ થી વાત કરે તો નિયત ખરાબ છે અને વાત ની કરે તો ઇગો વધારે છે એવું કહેવામાં આવે છે. છોકરો હોવું સહેલું નથી.

એક નાની એવી નોકરી માટે ઢગલો ધક્કા ખાતો હોય છે. થોડા પૈસા કમાવવા માટે તેનું ગામ, તેના મિત્રો ને છોડી ને દેશ, વિદેશ જાય છે. માતા-પિતા ની ઈચ્છા પુરી કરવા રાત દિવસ એક કરી નાખે છે. પિતા ના અવસાન પછી તે આખા ઘર ની જવાબદારી લે છે. તેના સપનાઓ મારી નાખી અને પરિવાર ના સપનાને પુરું કરે છે એ છોકરો હોય છે.

છોકરા ની આખી જિંદગી અરિસો હોય છે. આખી જિંદગી એને દુ:ખ છુપાવવા પડે છે. અને આ છોકરો પોતના પિતા માં પોતા ને જોતો હોય છે. પિતા નો પ્રેમ એટલે નિ:સ્વાર્થ ભાવે પ્રેમ હોય છે. પિતા ક્યારેય

પોતના પુત્ર ને પ્રેમ નથી બતાવતા પણ એના જેટલો પ્રેમ પણ કોઈ નથી હોતું. જ્યારે પુત્ર એના જીવન ની કસોટી માં હારી જાય છે. ત્યારે એની સાથે ખાલી પિતા જ હોય છે. અને પિતા પુત્ર ને એમ કહે ને કે "હજુ તારો બાપ બેઠો છે" તો એ છોકરો એની કોઇ પણ કસોટી માં હારી શકે નહીં.

એક વાર એક પુત્ર એના પિતા પાસે બાઇક માંગી હતી. પિતા એ કીધું કે હું તને અપાવીશ પણ પુત્ર એ પિતા ની એક વાત ના માની. પછી એ પુત્ર એ પિતા ની ચંપલ અને શર્ટ પેરી ને ઘર ની બહાર નિકરી ગયો. અને થોડો આગળ જતાં એને પગ માં કાંટો વાગ્યો અને એને જોયું તો ચંપલ ના સોલ તુટી ગયા હતા અને તેવી જ ચંપલ પિતા પહેરતા હતા. પછી તે આગળ ગયો અને તેને ખિસ્સા માંથી એના પિતા નું પાકીટ મળ્યું. તે એમાં થોડા પૈસા અને એમાં ચિઠ્ઠી લખેલી હતું પુત્ર ને એમ થયું કે આ જ ચિઠ્ઠી માં મારા પિતા એ ખજોનો મુક્યો હસે પછી એ પુત્ર એ ચિઠ્ઠી ખોલી એમાં લખેલું હતું કે કોને કેટલા રૂપિયા આપવાના છે, અને પુત્ર ની કોલેજ ની ફીસ કોની પાસે થી લીધેલી છે. આ બધુ વાંચી ને પુત્ર ની આંખ માં આશું આવી ગયા અને તે પોતાના ઘરે પાછો ગયો. આવી જ રીતે પિતા પુત્ર ની દરેક જરૂરત પૂરી કરે છે. પણ એ ક્યારેય કહેતા નથી. એ નિ:સ્વાર્થ ભાવે પ્રેમ અને જરૂરત પૂરી કરે છે.

એ છોકરો ક્યારેય પોતા ની તકલીફ કહેતો નથી. એ અંદર અંદર એ તુટી જાય છે. પરંતુ પોતાનું દુ:ખ એ કોઈ ને કહેતો નથી બસ એનું દુખ અંદર ને અંદર જ રાખે છે. એ કોઈ પણ પરિસ્તીથી માં એક જ વસ્તુ વિચારે છે કે " આ સમય પણ વીતી જસે" બસ આ જ વસ્તુ વિચારે છે.



એની અંદર ગમે એટલું દુખ હોય પરંતુ એ બહાર થી હસતો જ રહે છે. કેમ કે એ પરિવાર ની સામે ક્યારે રડી નથી સકતો. એને ખબર હોય છે કે દરેક પરિસ્થથી નું સમાધાન પણ હોય છે.

એ હમેશાં એના માતા-પિતા નો હાથ પકડી રાખે છે. કેમ કે એને ખબર હોય છે કે, માતા-પિતા નો હાથ પકડવાથી કોઈ ના પગ પકડવાની જરૂર નથી પડતી.

એક છોકરો એના જીવન માં તે વૃદ્ધ થાય ત્યાં સુધી તે એના પરિવાર માટે બધુ જ કરે છે અને છેલ્લે એ જ સાંભરે છે કે તમે અમારા માટે શું કઈરૂ છે. આ જ સાંભરી ને એ માણસ ઊભો ને ઊભો તુટી જાય છે. પરંતુ એ કઈ બોલતો નથી કે એને શું કઈરૂ છે. આ જ હોય છે દીકરો. પોતાનું પરિવાર બે ટાઈમ ગરમ ખાવાનું ખાઇ શકે એટલા માટે તે પોતે ઠંડુ ખાઈ છે. એટલે એ માણસ ની કદર કરતાં શિખજો. એ માણસ આખો તુટી જે પણ એ ક્યારેય કહેશે નહીં.

જ્યારે પપ્પા કમાતા હોય તો શોખ ખૂબ જ મોટા હોય છે. પણ જ્યારે એ કમાતો થાય છે ને ત્યારે તેના થી ઘર ના ખર્ચા જ પૂરા થાય છે એના બધા શોખ શૉખ જ રહી જાય છે. જ્યારે એ છોકરા ની આંખ માં આસું આવી જાય ને તો સમજી લેવું કે મુસીબત ખુબ જ મોટી હોય છે. એ છોકરો એમ તો ક્યારેય રડતો નથી. મોટી માં મોટી મુસીબત પણ એ હાર નથી માણતો.

એના માટે દિલ માં આસું થી સમુદ્ર ભરેલું હોય છે. પણ એ આસું આંખ માં નથી આવવા દેતો. મમ્મી નો લાડકો હોય છે, પણ એને

પોતાની ઓડખાંણ બનાવી પડે છે. નોકરી માટે હજારો ઠોકર સહન કરે છે એ છોકરો. ક્યારેક એના હજારો નખરાં હોય છે. પણ બહાર રહી ને બધુ ભૂલાવું પડે છે.

એ છોકરો છે એના બધા દર્દ એના દિલ ની પાછળ છુપાવે છે. જખમ પણ છે, દર્દ પણ છે, દવા ને શોધે છે એ ક્યારેક કોઈ ને ખબર નહી પડી જાય એટલે ચૂપચાપ સહન કરે છે. એક છોકરો ખરાબ તો બધા જ ખરાબ ગણી લેવું એ બરાબર નથી. એ એટલો ખરાબ નથી કે જેટલો એને ખરાબ બતવામાં આવે છે.

બાળપણ માં જ્યારે મંદિર માં ભીડ ને કારણે ભગવાન ના દર્શન નહોતા થતા ત્યારે પપ્પા ખભા ઉપર દર્શન કરાવતા હતા ત્યારે ખબર નહોતી પડતી કે ખભા ઉપર ઉઠાવે એ જ ભગવાન છે. આખી દુનિયા થી જીતવા વારો એ દીકરો પોતના જ દીકરા થી હારી જાય છે.

આજકાલ ના છોકરાઓ જેમ જેમ મોટા થાય છે. તેમ તેમ નવી પ્રોબ્લેમ થાય છે. પ્રોબ્લેમ એ છે કે એના પપ્પા સાથે વાત કરવાનું ઓછું થાય છે. એક વાર મે મારા મિત્ર ને પુછયુ કે છેલ્લી વાર તારી વાત તારા પપ્પા સાથે દિલ ખોલી ને ક્યારે કરી હતી? તો એને કહ્યું કે ૪ થી ૫ મહિના પેલા થઇ હતી. મે એને પુછયુ કે કેમ આટલો બધો સમય પહેલા? તો એને કહ્યું કે એની વાત જ સમાજ માં નથી આવતી દર વખતે ભાષણ

જ આપ્યા કરે છે. મે ખાલી એને એટલું જ કહ્યું કે જે દિવસે તું પેદા થયલો ને તે દિવસે તારી માં બેહોશ હતી. બધા થી પહેલા આ દુનિયા માં જેના મોઢા પર ખુશી આવેલી ને એ બીજું કોઈ જ નહીં એ તારો બાપ હતો. અને જ્યાં વાત જ્યાં સુધી વાત ભાષણ ની છે, માં નો પ્રેમ બધા ને દેખાશે અને બાપ જાય તેની પછી બધુ દેખાશે.

છોકરી નસીબ થી આવે છે અને છોકરાઓ કેટલીક દુઆ પછી આવે છે. છોકરાઓ જન્મ થી જ જીમ્મેદારી સાથે આવે છે. અડધી ઉમર તો જીમ્મેદારી સમજવામાં નિકરી જાય છે, અને અડધી ઉમર એને નિભાવામા નિકરી જાય છે. એનું આખું નાનપણ ચોપરા મા નિકરી જાય છે અને વધેલું જીવન કમાવામાં નિકરી જાય છે. આ જીમેદારી પણ છોકરા ની ઉમર સાથે વધે છે અને એ જીમેદારી ઘડપણ મા પણ ઓછી નથી થતી. ક્યારેક છોકરા બનીને પણ બાપ નો ફરજ નિભાવવી પડે છે. એ જીમેદારી ની પાછળ એવી રીતે ભાગે છે કે એની ગમતી વસ્તુ ને પણ ભૂલી જાય છે.

ઘર ના મોટો છોકરો હોવું પણ સહેલું નથી, એ થોડો સમજદાર હોય છે, થોડો જિમ્મેદાર હોય છે. એટલે એ ઘર છોડી ને કમાવા માટે નિકરી જાય છે. નહીં તો એનું પણ એક ઘર છે. નાનું પણ મમ્મી પપ્પા સાથે એને પણ રહેવું છે. એક નાની બેન અને એક નાનો ભાઈ પણ છે. એની જવાબદારી પણ ઘર ના મોટા છોકરા પર જ હોય છે. એના પપ્પા

ની પણ ઉંમર થવા લાગી છે, પણ ઘરમા ખવડાવવા નું તો છે જ. એની ઉમર ૧૮ ની હતી ને એને એનું ઘર છોડી દીધું હતું. એને દુનિયા બરાબર જોઇ પણ નહીં હતી. એને ધક્કા ખાવાની હિંમત નહીં હતી પણ એ પોતાને એ જ સમજાવતો હતો કે " આજે તું કામ કરશે નહીં તો ઘરે ખવડાવશે શું? ઘર મા બધા તારી પર જ જીવે છે, આજે તું કઈ કરશે નહીં તો કાલે એ લોકો થી કઈ પણ થશે નહીં. પછી બહેન ના લગન પણ છે ભાઈ ને ભણવાનો પણ છે, દિવાળી પણ આવે છે, મમ્મી ની દવા પણ લેવાની છે" બસ આ જ વાત એ પોતને ને સમજાવતો હોય છે. એટલે જ એ ઘર નો મોટો છોકરો ઘર છોડીને નિકરી જાય છે. દિવાળી પર પણ પપ્પા થી નથી મળાતું એની દિવાળી માં રોનક જ નથી હોતી ચાર દીવાલ ની વચ્ચે એકલા એકલા માં પોતાની જ સાથે વાત કરતો રહે છે. જ્યારે ઘરે થી ફોન આવે તો પણ એ કઈ જ નથી કેતો એ દીકરો ઘર ને બનવા માટે બહાર નિકડેલો હતો અને એ જ દીકરો આજે બેઘર થઇ ગયો છે. એને બહાર નું ખાવા થી નફરત હતી પણ આજે એ કઈ પણ ખાઈ ને સૂઈ જાય છે. પણ અફસોસ શું કરે? આ જ દુનિયા નિયમ છે દીકરા એ બાપ ની જગ્યા લેવાની છે. ખુશનસીબ હોય છે લોકો જે પોતાના પરિવાર સાથે રહે છે. મારા જેવા તો હજારો હશે આ શહેર માં પણ પોતાનું કોણે કહે. જો તમારી આસપાસ પણ આવો છોકરો હોય તો એને સાચવી લેજો. ઘર માં નહીં તો દિલ માં જગ્યા આપજો એને એ વર્ષો થી માં ના હાથ નું જમવા માટે તરસે

છે ક્યારેક પ્રોગ્રામ માં એને પણ બોલાય દેજો. એ આકાશ માં ઉડવા માંગે છે તમારા થી થાય તો એની પાંખ માં થોડું હોસલા ભરી દેજો એ કશે પણ જશે ત્યારે તમને યાદ કરશે એ ઘર નો મોટો છોકરો છે મોટું નામ કરશે.



મમ્મી પાસે પૈસા માંગવા વાળો એ જ છોકરો હવે મમ્મી ને પૈસા આપે છે. ગલી માં રમતો છોકરો હવે એ છોકરા સાથે જિંદગી રમે છે. મમ્મી નો માર ખાવા વારો છોકરો હવે જિંદગી નો માર ખાય છે. છોકરો અંદર થી ખૂબ ટેન્સન માં હોય છે પણ બહાર થી ખુશ રહેવાનો દિખાવો કરે છે. દિવાળી પર મમ્મી પાસે પૈસા લેતો એ જ છોકરો હવે મમ્મી ને દિવાળી

પર ગિફ્ટ આપે છે. પપ્પા નો માર ખાવા વાળો છોકરો હવે એના પપ્પા જેવો બનવાની કોશિશ કરે છે.

છોકરો જ્યારે ઘરે હોય તો એ માથા નો દુખાવો હોય છે. અને અને એ જેવો ઘર થી લાંબા સમય સુધી દૂર જાય છે તો એ હ્રદય નો દુખાવો બની જાય છે.

જ્યારે ઘર નો મોટો છોકરો એના બાપ ને પૈસા માટે રડતો જોઇ છે ત્યારે એ એનું ભણવાનું મુકી દે છે, અને કામવાનું ચાલુ કરે છે અને એ છોકરો ક્યારે પણ પાછું ફરી ને નથી જોતો કેમ કે એ દીકરા એ એના બાપ ને પૈસા માટે રડતાં જોયો છે.

દુનિયા કહે છે કે છોકરા ને મજા જ મજા હોય છે. કેમ કે છોકરા પાસે સમય જ નથી હોતો, નાનપણ થી જ એ ભાગે છે ક્યારેક પપ્પા થી ભાગે છે તો ક્યારેક નાકામયાબી થી ભાગે છે તો ક્યારેક ઉદાસી થી ભાગે છે. લોકો એને પૂછે છે તારી તૈયારી કેવી ચાલે છે. કોઈ એ નથી પૂછતું કે તને કેવું છે. એ છોકરા એ કોઈ નું સાંભરતો નથી, પણ પપ્પા નું બધુ જ સાંભરે છે. પપ્પા ને કઈ થાય તો છોકરા દિવસ ખરાબ જાય છે. ભૂલ થી પણ પપ્પા ઉદાસ થાય ને બેસી જાય ને તો દીકરો અંદર થી એ તુટી જાય છે પરંતુ એની આંખ માંથી આંશુ બહાર નથી આવવા દેતો.

તમને ખબર છે કે દુનિયા માં માણસ ને જ હાર્ટ-એટેક કેમ આવે છે? કેમ કે એને પહલે થી જ કેવા માં આવે છે કે તું છોકરો છે તું રડી નહીં શકે. પોલીસ સ્ટેશન માં પણ કેટલા જુથા કેશ પડેલા છે. છોકરી ના જુથા કેશ માં છોકરા ને દબાવામાં આવે છે. બધા છોકરા ને ખોટો સમજે છે પણ છોકરો કોઈ ને મુસીબત માં જોઈ ને એ જ છોકરાઓ મદદ કરવા જાય છે. આપના દેશ માં જે રીતે “woman’s day” મનાવવા માં આવે છે પણ ક્યારે પણ “men’s day” મનાવવા માં નથી આવતો.

લોકો કહે છે કે પત્ની આવે ત્યારે છોકરાઓ એના માં-બાપ ને વૃદ્ધાશ્રમ માં મુકી આવે છે. પણ વિચારવા જેવી વાત એવી છે કે છોકરો લગ્ન પહેલા પણ માં-બાપ સાથે ખુશી થી રહેતો જ હોય છે. પછી પત્ની આવે ત્યાર પછી છોકરો નહી પણ પરંતુ એની પત્ની મોકલે છે. પત્ની એના સાસુ-સસરા ને પોતા ના માતા પિતા સમજે ને તો આજે દુનિયા માં ૧ પણ વૃદ્ધાશ્રમ બને જ નહીં.

એક દીકરો જ્યાં સુધી પોતે પિતા નથી બની જતો ત્યાં સુધી એને એના બાપ ની બધી વાત ખોટી જ લાગે છે. આ દીકરો બાપ બને ત્યારે એણે ખુબ જ પ્રોબ્લેમ હોય છે, પણ એ બાપ બની જાય પછી એ અલગ જ એના મોઢા પર ખુશી હોય છે.

તમને ખબર છે મિત્રો, છોકરા બધા થી વધારે ખુશ ક્યારે થાય? જ્યારે એ બાપ બનવાનો હોય ત્યારે એ બધા થી વધારે ખુશ થાય છે. એનું પહેલું સંતાન આવવાનું હોય છે ત્યારે ખુશ થાય છે કેમ કે એ બાપ બનવાનો છે. એ ખુશી એ છોકરા માટે અલગ જ હોય છે. માં ના પેટ માં બાળક ૯ મહિના રહે છે પણ એ જ બાળક એના પિતા ના મગજ માં એના આવવાનાં થી પેલા જ બનવા માંડે છે. કે મારૂ સંતાન દુનિયા માં આવશે. ત્યારે એ શું કરશે. આવા ને આવા જ વિચાર એના મગજ માં આવવતા રહે છે. એને ખબર પડે ને કે હું બાપ બનવાનો છું ત્યાર થી જ એના છોકરા માટે બધુ કરવાનું ચાલુ કરી નાખે છે. કેમ કે એ એક બાપ બનવાનો હોય છે.

પપ્પા નો પ્રેમ ત્યારે જ ખબર પડે જ્યારે પોતાનો છોકરો દુનિયા માં આવે છે. અથવા તો પપ્પા આ દુનિયા માંથી ચાલ્યા જાય છે. મારી પાસે જે પણ છે એ બધુ પપ્પા ના કારણે જ છે.

આ વાત ત્યાર ની છે મારી નાની આંખ અને આંગળી વળેલી હતી આ વાત ત્યાર ની છે જ્યારે દુનિયા મારા માટે ઊંગતિ હતી નગ્ન શરીર પર નવું કપડું હતું. મને તહેવાર ની સમજણ નહી હતી પણ તહેવાર મારી સાથે માનવતા હતા ઘર માં ખાવાના વાંધા હતા પણ એ F.d. પૈસા જોડતા હતા. એના પોતા ના સપના અધુરા હતા પણ મારા માટે

બધુ કરતાં હતા. વર્ષ બદલાયું તો પણ અંજાન હતો. તો પણ હું એના ખભા પર હતો ગોધરું ભીનું કરવું કે પછી આખી રાત રડવું પણ ત્યારે મારા બાપ એ જ એની ઊંગ પોતા થી દુર કરેલી હતી એ સવારે મને રમાંડતા ગોંદિયા માં સુવડાવતું એ દિવસે કમાવા જતાં હતા અને રાતે આવતા હતા ક્યારેક પોતાથી હેરાન ને ક્યારેક દુનિયા થી હેરાન ત્યારે મારો બાપ જ હતો કે જેને મને રડતો હતો ત્યારે પણ હસાવતા હતા. ત્યારે હું બોલી નહી શકતો હતો પણ એ મારા ઇશારા સમજતા હતા. હું હેરાન છું પપ્પા. એ મને કેવી રીતે સમજતા હતા. પપ્પા તો જવા દો પણ મારા મોમાંથી આ.... પણ નહી નીકરતું હતું. પણ એ મારી બધી ફરમાઇસ પૂરી કરતાં હતા અને હું પણ એના લાડ માં હતો. ઘર થી એ કશે બહાર નહી જાય એના ચપ્પલ પર નજર રાખતો હતો. એની પાસે તો બહાના હજાર હતા પણ સાંજ ક્યારે પડે એની રાહ જોઇ રહ્યા હતા અને હું પણ ઘર ના દરવાજા પર એની રાહ જોય રહ્યો હતો.

જ્યારે આવતા હતા ત્યારે હું એને જોયા કરતો હતો અને એનો ચહેરો જોઈ ને દૂર થી બૂમ પડતો હતો જે પણ ઇસારા આવડતા હતા. એ કરીને એની પાસે બોલાવતો હતો એ પણ બધુ છોડીને આવી ને મને ઊચકી લે ને બાજી લેતા હતા ક્યારેક હવા માં ઉછળતા હતા ક્યારેક નાટક કરતાં હતા મારી એક સ્માઇલ ના લીધે ક્યારેક ઘોડા બની જતાં હતા. પણ હવે એ નાનપણ સૂઈ ગયું હતું. જવાની માં જતો હતો હું એની કુરબાની ને

હું એનો ફરજ સમજવા લાગ્યો હતો. ભલે ખુદ પંખા વગર સૂઈ જવું, તો ક્યારેક મને હવા માં ઉછારવું, દિવાળી માં મને નવા કપડાં આપવા અને એને ખુદ જૂના પહેર્યા હોય મારા તપ્તા શરીર માં ભીના પોતા મૂકવા થી લે ને મારી દરેક જીદ પૂરી કરવી એ નાનપણ હતું એ ચાલ્યુ ગયું. એ સબંધ હતો સુકાઈ ગયો અને એ કુરબાની નો બોજ હું ઊચકી નહી સઇકો. એટલે એ શહેર હું દુર મુકી આવી ગયો. નવું શહેર હતું નવી હવા લાગી રહી હતી મારી પર. પપ્પા ની વસ્તુ મને બચપણ લાગી રહ્યું હતું. નોકરી મળી ગઈ હતી પૈસા આવતા હતા. શું જરૂર હતી પપ્પા ને એ મને વિચાર આવી રહ્યો હતો અને મારા પપ્પા મારી યાદ માં બેચેની હતા. ક્યારેક તો ઘરે આવી જા મારા દીકરા આજ પપ્પા ની ફરિયાદ હતી. અને હું હિસાબ માંગી રહ્યો હતો જે દુનિયા થી દેવાદાર હતા. શું જરૂર છે પપ્પા તમને આટલા પૈસા ની શું જરૂર છે એ હું પૂછવા લાગ્યો હતો. હવે સમય પાછો ફરી ગયો હતો. કાલ સુધી હું કોઈ નો દીકરો હતો. હવે હું પણ બાપ બની ગયો હતો. મારો દીકરો કાલે શું કરશે એ પણ હું વિચારી રહ્યો હતો. ત્યારે ના દુનિયા માં કોઈ મારુ હતું ને નહી કોઈ મારુ પારકું લાગી રહ્યું હતું બસ એ જ મારુ સપનું હતું. કાલે મારા પપ્પા પર શું વીતી હસે એ મને ધીમે ધીમે ભાન આવવા લાગી રહ્યું હતું. પ્યાર ની મૂર્તિ હોય છે પપ્પા. જેને એક શબ્દો માં નથી લખી શકાતું એ પપ્પા હોય છે. પોતાને કમજોર બનાવી ને છોકરા ને સાચવે છે. એ પપ્પા હોય છે. અને એ વિચારજો એ

કાલે નહી હોય તો તમે શું કરશો? હજુ પણ સમય છે તમારી પાસે જો ઘરે પપ્પા હોય તો એની સાથે બેસજો. એને પૂછજો પપ્પા કઈ જોઈએ છે. આ સાંભરી ને એ જ પપ્પા ખુશ થઇ જશે. અને એની આંખ માં આશુ આવી જશે.



માં માટે તો ગણી કહેવતો છે જેમ કે "માં વિના સુણો સંસાર" "માં તે માં બીજા બધા વગડા ના વાં" આવી તો ગણી કહેવતો છે પરંતુ બાપ માટે ભાગ્ય જ કોઈ કહેવત હશે. પરંતુ પિતા એ છત્રછાયા હોય છે, જો ઘર ની છત નહી હોય તો ઘર કેવું લાગે બસ એવી રીતે પિતા પણ એક છત નું કામ કરે છે. બાપ નો સ્વભાવ ભલે ગરમ હોય તે તમને નહીં પણ ગમે પણ એ આપના સારા માટે જ કહેતા હોય છે, બાપ એ બાપ જ હોય

છે. જો બાપ નો હાથ એના દીકરા ના માથા પર હોય ને તો દીકરો ધારે એ થાય. એટલે જ કેવાય કે બાપ બાપ હોય છે.

મિત્રો, જ્યારે છોકરો એની લાઇફ માં નાપાસ કે કઈ પણ થાય ને તો ખાલી એનો બાપ એણે એમ કહી દે ને કે “તું ટેન્શન ની લે હું છું હજુ”. જો ત્યારે ખાલી બાપ આટલું કેશે ને તો પછી એ છોકરો એના જીવન માં ક્યારે નહીં હારશે.

પાપા કાયમ લીમડા ના ઝાડ જેવા હોય છે. જેના પાન ભલે કડવા હોય પણ છાંયડો હમેશાં ઠંડો આપે છે. જ્યાં સુધી એક પિતા પડછાયો માથા પર રહે છે. ત્યાં સુધી રસ્તાના દરેક કાંટા ને તે ફૂલ બનાવી દે છે, પોતે લાકડી ના ટેકે ઊભા રહે છે, પરંતુ તમને તમારા પગ ઉપર ઊભા કરી બતાવે છે.

મિત્રો, તમને પિતા વિના નું ઘર જોવું હોય તો માત્ર એક જ દિવસ અંગૂઠા વિના ખાલી આંગળી ના ઉપયોગ આપના દરેક કામ કરી જોવો ત્યારે પિતા ની કિંમત સમજાય જશે. પિતા ની હાજરી સુરજ જેવી હોય છે. સુરજ ગરમ ભલે થાય પણ એ અંધારું નથી થવા દેતો અને ના હોય તો અંધારું છવાય જાય છે. બસ સૂરજ અને પિતા એક સમાન હોય છે.

"માં" ઘર નું ગોરવ તો "પપ્પા" એ ઘર નું અસ્તિત્વ હોય છે. "માં" ની આખ માં આશુની ધારા તો "પપ્પા" પાસે સંયમ હોય છે. બે સમય નું ભોજન "માં" બનાવે છે તો જીવનભર જ્યારે "પપ્પા" જીવનભર ના ભોજન ની વ્યવસથા કરે છે. "પપ્પા ને આપણે સહજ ભૂલી જઈએ છે. ક્યારેક જો ઠોકર લાગે કે વાગે છે તો આપના મોંમાં થી "ઓહ માં" નિકરે છે. પણ જો રસ્તો પાર કરતાં કોઈ ટ્રક પાસે આવે આવીને બ્રેક મારે તો આપના મોંમાંથી "ઓહ બાપરે" જ નિકરે છે. કેમ કે નાના સંકટો માટે "માતા" જ યાદ આવે છે. પણ મોતા સંકટો આવે ત્યારે "પપ્પા" જ યાદ આવે છે.

ખબર છે મિત્રો, તમને એક પુત્ર પિતા ને શું કહેવા માંગે છે. પુત્ર કહે છે પપ્પા હું તમારા જેવો નથી પણ મારે તમારા જેવુ બનવું છે. પપ્પા મને નથી આવડતું તમારા જેવી સહનશીલતા એટલે મારે પણ તમારા જેવુ બનવું છે. પપ્પા મને પ્રેમ બતાવતા નથી આવડતું. પણ મારે તમારા જેવુ બનવું છે. મને તમારી જેમ દુનિયાદારી ની સમજ નથી. કેમ કે પપ્પા મારે તમારા જેવુ બનવું છે. મને નથી તમારી જેમ સુર્ય ઊગે ની સાથે અને ચાંદ આવે ત્યાં સુધી કામ કરતાં મને નથી આવડતું પપ્પા. કેમ કે પપ્પા મારે તમારા જેવુ બનવું છે મને તમારી કોઈ વાત નું ખોટું નથી લાગતું. કેમ કે હું તમારા ગુસ્સા ને મારા સફળતા ની ચાવી સમજુ છું. મને ખબર છે પપ્પા કોઈ ને નથી ગમતું કે હું એના થી આગળ જાવ પણ તમે

ઈચ્છો છો કે હું તમારા થી આગળ જાવ. કેમ કે પપ્પા મારે તમારા જેવુ બનવું છે.

નસીબ વાળા હોય છે જેના માથા પર પિતા નો હાથ હોય છે. બધી જીદ પુરી કરે છે જ્યાર સુધી એ તમારી સાથે હોય છે. પપ્પા હોય તો છોકરાઓ સિંહ ના દિલ ની જેમ જીવે છે. પપ્પા ના ખિસ્સા ખાલી હોય તો પણ ના પડતાં નથી જોયા એને પપ્પા થી વધારે અમીર માણસ મે નથી જોયા. પપ્પા ની હાજરી સૂરજ ની જેમ હોય છે. સૂરજ ગરમ જરૂર હોય છે. પરંતુ અંધારું નથી થવા દેતા.

ક્યારેક અભિમાન તો ક્યારેક સ્વભીમાન હોય છે પપ્પા. ક્યારેક જમીન તો ક્યારેક આકાશ હોય છે પપ્પા. જન્મ માતા એ આયપો છે. પરંતુ અમારી પહેચાન એના નામ ની હોય છે. ક્યારેક ખભા પર બેસાડીને મેળા માં ફરાવે છે. ક્યારેક એ ઘોડો બની ને સવારી કરાવે છે. માતા આપણે ચાલતા શિખવાડે છે, પરંતુ પિતા આપણે ઊભા રેતા શિખવાડે છે. તે બધા સમય એ સાથ આપે છે. સાચું કહું તો ભગવાન છે એ પણ એની સારું નામ પપ્પા છે. મને મારા હાથ ની લકીરો પર મહોબ્બત છે. પણ ખબર ની કઈ આંગરી પકડી ને ચાલતા શિકવાડેલું હતું. એને આપણે છાંયડા માં રાખી ને પોતે તડકા માં ઉકર્તા જોયા છે

પપ્પા આપની વાત આંખ થી અને મન ની વાતો વાંચી લે છે. ખુશી હોય કે દુખ આશુ ની પહેચાન કરી લે એ પપ્પા જ હોય છે. વગર કહીએ આપની વાત જાની લે છે, મારા પપ્પા મારી બધી જ વાત માંની લે છે.

મિત્રો, લગન માં ક્યારેક જમવાનું હોય તેની બુરાઈ નહીં કરતાં, કેમ કે મિત્રો એ જ જમણવાર માટે એક પપ્પા આખી જિંદગી કમાતા હોય છે. એના આદર્શ અને એના સંસ્કાર છે, પિતા વગર તો જીવન બેકાર છે. મતલબ વગર ની દુનિયા માં આપની શાન હોય છે પપ્પા.

એક બાપ એના છોકરા ને એક વાત નથી કહી સકતો કે એને કેટલો પ્રેમ કરે છે. એને ગળે લગાવી ને નહીં કહી સકતો કે ''I LOVE YOU MY SON'' આ નથી કહેતો એનો મતલબ એ નથી કે એ તમને પ્રેમ નથી કરતો એ પિતા ખૂબ જ પ્રેમ કરે છે.



પપ્પા ના ચહેરા પર થાક ગણો હતો પણ અમારા માટે પરિશ્રમ કરે છે. પપ્પા ની આંખ માં ઊંગ ખૂબ હતી પરંતુ અમારા માં ચિંતા માં જાગતા જોયા છે. પપ્પા ને તકલીફ ખૂબ જ હતી પણ એને હિંમત હાર્યા વગર ભાગતા જોયા છે. પપ્પા કોઈ ને પોતાની તકલીફ કહેતા નહીં હતા. પણ અડધી રાતે આંખ ખૂલે ત્યારે અમારા ભવિષ્ય ના સપના સજાવતા જોયા છે. પપ્પા એ પાઇ પાઇ ભેગી કરીને અમારી ખુશી ને ખરીદતા જોયા છે. એ ખુશી માટે પોતના શમણાંઓ ને રોળતા જોયા છે. પોતાની પસંદગી ને નાપસંદગી કરી અમારી પસંદગી અપનાવતા જોયા છે. એ વ્યક્તિ એક હતા પણ વિશેષતા અનેક હતી. પિતા સ્વરૂપે સર્જનહાર ને જોયા છે.

પપ્પા હેત થી ભરેલી માવડી છે, પ્રેમ નો પર્યાય છે પપ્પા એના સહારે રહીએ ત્યારે ક્યારેય તાપ નથી લાગતો. આપનું આ જીવન પણ તુકું પડી જાય એનું ઋણ ચૂકવવા માટે. જ્યારે પિતા હોય ને ત્યારે કોઈ ની તાકાત નથી કે આપણે આંગળી બતાવી જાય. તેને બાળપણ ખૂબ જ એના ખભા પર ફેરવ્યા છે.

તમે ગમે એવા પાવરફૂલ ભલે થાવ પણ એ વાત ક્યારેય ના ભૂલતા કે આપણે પાવરફૂલ બનાવવા માટે પાવરડૂલ નાખનાર પિતા આપના થી પાવરફૂલ હોય છે.

મારા જનમ પર બધા ખુશ હતા. એક ખૂણા માં અદબ વાળીને બધા એ માત્ર વહાલ કર્યું, ને જે દવાખાના ના બિલ બાકી હતા તેમાં પપ્પા તો છે જ ને. પેટ ઘસી ને ભાંખોડિયા ભરતો થયો હું, અથડાયો હું, ઘડાયો હું, કેટલીક વાર હું ઘરમાં પા પા પગલી ભરતા ડર લાગે પણ પડીશ તો ચિંતા નહોતી કેમ ક પપ્પા તો છે જ ને. મને હજુ પણ યાદ છે કે નિશાળનો પહેલો દિવસ જ્યારે હું રડતો હતો, શાળાના દરવાજે હું ડરી ગયો હતો આ ચોપડીઓના જંગલના પણ ખબર હતી કે હાથ પકડનાર પપ્પા તો છે જ ને. પહેલી સાયકલ, સ્કૂટર ને પહેલી ગાડી માં સટેરિંગ પકડીને જોડે દોડયા હતા એ, જો હું લપસી જવા તો હું આ જિંદગી માં રસ્તાઓ પર ક્યાંયક તો હાથ પકડવા માટે પપ્પા તો છે જ ને. તું ભન ને બાકી હું જોઈ લઈશ. આ ડાઈલોગ પર આખું ભણતર પૂરું કર્યું ચોપડા, કપડાં ને પોકેટ મની ટ્રાન્સફર આવતા ને ફી ભરવા માટે પપ્પા તો છે જ ને. કોઈક કરકસર કે કચાશ ના કરી મને સારો માણસ બનાવવા માં જેમને હારી જવું તો હાથ પકડીને ઊભો કરી ત્યાર કરવામાં પપ્પા તો છે જ ને. નોકરી પછી લગન ને પછી મારુ ઘર કરવામાં જેમને કદી પાછું વળી ને ના જોયું કઈ ખુટી પડશે તો હું લઇ આવીશ એવી ધારણા આપવા વારા પપ્પા તો છે જ ને. જેમને મને મોટો કર્યો કોઈ પણ ક્ષોભ વગર ને આખું જીવન વિતાવ્યું તો પણ હજી કઈ થાય તો મને આવી ને કહે કે દીકરા મુંજાતો નહીં હું છું ને કેમ કે પપ્પા તો છે જ ને. હાર્યો કેટલીક વાર જિંદગી

માં ને રમ્યો હું બમણું હું તો પણ મને સતત જીતડવા મથતા હતા મને તો એક જ નિરાંત કે પપ્પા તો છે જ ને.



જ્યાર સુધી બાપ નો હાથ છોકરા ના માથા પર હોય ત્યાં સુધી કોઈ મુસીબત એની પર આવી નહીં શકે. એક બાપ ગમે એટલો દૂ:ખી હોય ને તો પણ તેના દીકરા ને ખુશ જ રાખે છે. દીકરા ની બધી જીદ એક બાપ જ પુરી કરી શકે છે. દુનિયામા બાપ જ એવો છે જે વિચારે છે કે મારો દીકરો મારા થી મોટો માણસ બને. એના સિવાય કોઈ વિચારતું પણ નથી. પુત્ર મોહ છે જ એવો છે મિત્રો, આ પુત્ર મોહ યુગો થી ચાલ્યો આવે છે.

મહાભારત માં પણ અર્જુન ના પિતા ઇન્દ્ર દેવ એ પણ એના પુત્ર ની રક્ષા માટે દાનવીર કર્ણ નું કવચ અને કુંડલ માંગી લીધેલું હતું. અને રાજા ધૃતરાસ્ત એ પણ દુર્યોધન ના પુત્ર મોહ જ હતો. પિતા હમેશાં પુત્ર માટે જ વિચારે છે.

મિત્રો સાચો દીવો તો પપ્પા છે. આખી જાત ખર્ચી નાખે આપણે અજવારું આપવામાં. આખા વિશ્વ ને સંતુશ કરી શકાય પણ પિતા ને નહીં કરી શકાય. મિત્રો પિતા બનો પછી જ એક પિતા નું અસતિત્વ સમજાય છે. એક પિતા થી મોટો કોઈ ગુરુ નથી.

મિત્રો, નાના હતા ત્યારે ઘણા બધા લોકો પૂછતાં હતા કે મોતો થઇ ને શું બનવું છે, પણ મોટા થાય પછી ખબર પડી કે પાછા નાના બાળક બનવું છે. પિતા ના મગજ માં એક વિચાર હમેશાં રહે છે, કે હું જીતી જાવ છું પરંતુ મારો પરિવાર નહીં હારે એ જરૂરી નથી. આપણે બધા થી વધારે પ્રોટેક્ટ પપ્પા જ કરતાં હોય છે. કેવાય છે કે માં વગર ઘર વિખાય જાય છે, પરંતુ પપ્પા વગર દુનિયા જ વિખાય જાય છે. પપ્પા જીવતા હોય તો એક કાંટો પણ નથી વાગતો.

પપ્પા થી પ્રેમ છે પણ ફ્રોન પર ૫ મિનિટ થી વધારે વાત નહી કરી શકે. પોતાનું શહેર છોડી ને બીજે ભણવા જવું. ભણી લીધા બાદ નોકરી માટે ભટકવું, ઇન્ટરવ્યૂ માટે ત્યારી કરવી. નોકરી મળી જાય પછી

વહેલી સવારે ઉઠી ને ઓફિસ જવું. લગન પછી પત્ની અને છોકરા ની મુશકેલી દૂર કરવી. કમાવવું અને બચત કરવી આ બધુ છોકરાઓ જ સમજી શકે છે.

પપ્પા દુનિયા ને કહે છે કે મારુ સપનું સાચું થાય ગયું મારો દીકરો કામયાબ થઇ ગયો. મને હસવું આવે છે એ વાત પર કઈ વાત કયા લાવી ને છોડી છે આ કામયાબી આજ ની થોડી છે મને તો બહુ જ પેલે કામયાબી હાસિલ કરી લીધી હતી. જ્યારે પહેલી વાર મારા પપ્પા એ મને હાથ માં લઇ ને ઉછડેલો હતો. મે તો એ જ દિવસે સાતો આકાશ અડકી લીધા હતા.

દુનિયા માં ઘણા લોકો છે જે ખૂબ અમીર છે, એના બેન્ક માં પૈસા મૂકવા માટે જગ્યા નથી એટલા અમીર છે. એમાં આજ સુધી મારા પપ્પા પહેલા નંબર પર છે. એના જેટલું આલીશાન કોણ હશે એની ફાટેલા ખિસ્સા માં હાથ નાખી ને બોલ્યા મારા છોકરા ને જે જોઈએ એ મળશે એના થી મોટું ધનવાન કોણ હશે.



જો તમારી પાસે પપ્પા નામ નો ટેકો હોય છે ત્યાં સુધી તમને કોઈ વસ્તુ ની જરૂરત નહી પડશે. છોકરા ની લાઇફ માં બેન્ક બેલેન્સ ૧૦૦૦ ની આસપાસ EMI અને જવાબદારી સાથે ફસાયેલો હોય છે, છતાં પણ એ જ છોકરો પોતના સપના પૂરા કરવા કથોર મહેનત કરતો હોય છે.

મે પપ્પા ને ૧ વાર કહ્યું કે પપ્પા હું હારી ગયો. ત્યારે પપ્પા એ કહ્યું કે તું હારી નહીં જ શકે. ત્યારે પપ્પા એ કહ્યું કે સંભાળ દીકરા હું મારી જિંદગી માં ખૂબ જ હારી ગયો છુ, એટલો હારી ગયો છુ કે તારા ભાગ નું

પણ હારી ગયો છુ અને મારા ભાગ નું પણ હારી ગયો છુ. તું જીતવા માટે તને પેદા કરેલો છે. તું જીત ને તું શું કામ હાર માને છે. તને કોઈ નહી હરાવી શકે . તું ખાલી જીત તારી પાછળ હજી હું ઊભો છુ.

આપણે આખી જિંદગી એમ જ વિચારીએ છે ક કોઈ આવી ને આપણે સલાહ આપે પણ આપના ઘર માં જ ૧ વ્યક્તિ છે એનું નામ પપ્પા છે એને એની આખી જિંદગી જીવી છે એને પોતના નિયમ સાથે જીવન જીવ્યા છે. બસ ખાલી એ આપણે પહેલા ૫ મિનિટ થોડુંક બોલશે પણ પણ આપણે એ સાંભર્તા નથી પણ જો એ ઊભા રહી ને સાંભરીએ તો ૬ થી મિનિટ થી તમને તમરી જિંદગી ની બધા થી સારી સલાહ મળશે. અને આ ૧ વખત કરી જોજો તમે બધા થી સારી ફિલિંગ એ જ હશે.

મને મારા પપ્પા એ રમકડાં નો આનંદ અપાવ્યો, મને મારા પપ્પા એકુગ્ગા ની મજા માણાવી મને મારા પપ્પા એ આઇસ-ક્રીમ ના જલસા કરાયવા મને મારા પપ્પા એ ટ્રેન ની સફર કરાવી મને મારા પપ્પા એ મને સ્કૂલ થી લઇ ને કોલેજ સુધી પહોંચાડ્યો, મને મારા પપ્પા એ ડિગ્રી આપવી, દુનિયામા માં ની મમતા નો ઉલેખ બધા કરે છે પણ પપ્પા ના યોગદાન નો કોઈ આદર માનતું નથી. પપ્પા તમારી પર ખિજવતા હશે, મારતા હશે, તમારી પાસે વધારે અપેક્ષા રાખતો હશે, તમારો બાપ ખોતો પણ હશે પણ એના ઈરાદો ખોટો નહી હોય. અંતે એ તામારો

બાપ છે. પપ્પા નો પ્રેમ દેખાતો નથી અને પપ્પા પ્રેમ બતાવી શકતો નથી. એ જ તારો બાપ તારા માટે કઈ પણ કરી શકે છે. એ તમારા માટે ખોતા પગલાં પણ ભરશે પણ એ બધુ તમારા માટે જ કરશે કેમ કે એ બાપ છે બાપ.

નાનપણ માં જ્યારે મંદિરમાં ભીડ ને કારણે ભગવાન ના દર્શન નહોતા થતાં ત્યારે પપ્પા ખભા ઉપર ઉઠાવી દર્શન કરાવતા હતા પણ ત્યારે ખબર નહોતી પડતી કે ખભા ઉપર ઉઠાવે એ જ ભગવાન છે. પપ્પા નુ ખીસ્સુ ખાલી હોય તો પણ તમે જે માંગો એ મળી જાય એનું નામ જ બાપ હોય છે. પપ્પા થી ધનવાન વ્યક્તિ આ દુનિયા માં કોઈ નથી.

મિત્રો તમને ખબર છે, નિશાળ માં મારી માં વિશે નિબંધ પૂછાયા છે. પાપા વિશે કેમ નઈ? આપની આંખ ખૂલે ને ત્યારે પપ્પા ગાયબ અને રાતે પપ્પા ની રાહ જોતાં જોતાં સૂઈ જઈએ. ૧૮ વર્ષ નિકરી જાય આપના જીવન ના મમ્મી અને પપ્પા નો જગડો થાય ત્યારે આપણે મમ્મી ની તરફદારી કરીએ છે. અને જ્યારે લગન થાય જાય અને ભાગલા કરવાનું આવે ત્યારે છોકરા ના મોઢા માંથી ૧ જ વસ્તુ નિકરે “પપ્પા તમે તો રેવા જ દો તમે શું કઈરૂ છે” આ જ વાત થી જગડા ની શરૂવાત થાય છે કારણ કે સુવડાવે, ઉઠાડે, નવડાવે, મનાવે, ખવડાવે, આ બધુ જ મમ્મી કરે દિવસ નો ૧૮ કલાક નો પ્રેમ આપે એ મમ્મી આપણે એવું જ લાગે

પપ્પા કઈ કરતાં જ નથી આપણે કઈ પણ જોઇએ તો પણ મમ્મી ને જ કહીએ છે, એટલે મમ્મી પપ્પા ને કહી ને અપાઇ દહે છે. અને થેન્ક યૂ આપણે મમ્મી ને કહીએ છે. એટલે નિબંધ લખવું હોય તો મમ્મી વિશે જ નિશાળ માં પુછાય છે એ લોકો ને પણ ખબર છે કે પપ્પા વિશે પૂછશું તો કઈ આવડશે જ નહીં.

મિત્રો પપ્પા તમને બધા થી વધારે પ્રેમ કરે છે. ૯ વાગયા સુધી વાર જોઈએ અને ૯:૩૦ સુધી આપણે સૂઈ જઈએ પછી ડોરબેલ વાગે ૩-૪ માર ચઢી ને આવે ડોરબેલ વગાડનાર પપ્પા છે ને બધો થાક લઈ ને આયવા હોય જેવી ડોરબેલ વગાડીને થોડો રિલેક્સ થઇ જાય છે કેમ કે એને એમ હોય કે મારો છોકરો જાગતો હશે ને તો મારા માટે દરવાજો ખોલશે અને હું એને ઊચકી લઇશ આવું જ પપ્પા વિચારતા હોય છે. ત્યારે મમ્મી દરવાજો ખોલે અને પપ્પા પૂછે “કયા છે મારો દીકરો?” ત્યારે મમ્મી કહે કે એ “હમણાં જ તમારી રાહ જોઇ ને સુઈ ગયો એ તમારી બહુ રાહ જોતો હતો” એટલે જે થાક ઊતરી ગયો હોય તે પાછો બધો ચઢી જાય છે. ત્યારે પપ્પા બેગ મુકે અને જ્યાં દીકરો સૂતો હોય ત્યાં પપ્પા જાય છે. અને પપ્પા ત્યારે દીકરા ને માથા પર હાથ ફેરવે છે. હાથ ફેરવતા ફેરવતા મમ્મી ને પુછે જલ્દી સુઈ ગયો મમ્મી કહે હા સૂઈ ગયો પછી પપ્પા પૂછશે શું શું કઈરૂ આજે મારા દીકરા એ ત્યારે મમ્મી કહે કે હા આજે તમારા છોકરા ને ફૂટબોલ જોઇતો હતો ત્યારે પપ્પા નું હાથ ફેરવવા નું

અટકી જાય આંખ માં આશુ આવી જાય પણ પપ્પા આશુ બહાર નહી કાઢે ત્યારે પપ્પા દીકરા ને કપાળ પર પપ્પી કરી ને અંદર એને ખોટું લાગે કે દીકરો મને નઈ કઈ શકતો ત્યારે પપ્પા કેશે કે મારા દીકરા ને કેજે કે કાલે હું ફૂટબોલ લઈ ને આવીશ ત્યારે મમ્મી કહે કે ચાલો આવે જમી લ્યો. ત્યારે પપ્પા જમવા બેસે છે ત્યારે બંને સાથે જમવા બેસે જ્યારે પપ્પા પહેલો કોળીયો ખાઈ ત્યારે પાછું આશુ અટકાવી દેશે. પણ આશુ બહાર નહી આવા દઈ. પપ્પા ત્યારે મમ્મી ને કહે તું ખૂબ લકી છે. સુવડાવે, ઉઠાડે, નવડાવે, મનાવે, ખવડાવે, ક્યારે મને એમ થાય કે પહેલો કોળીયો મારા દીકરા ને ખવડાવ પણ સવારે જાવ ત્યારે સુતો હોય અને આવ ત્યારે સુતો હોય ત્યારે મમ્મી કહે કે આટલો પ્રેમ કરો છો, દીકરા ને થોડા વહેલા આવી જતાં હોય તો ત્યારે પપ્પા કહે છે કે “તારી વાત સાચી છે ખૂબ મન થાય કે વહેલો આવી જાવ પછી એવું થાય કે હજી થોડા પૈસા વધારે કમાઈ લવ જેથી હું તો મારા દીકરા માટે મોડો પડું છુ પણ મારો દીકરો એના પોતાના દીકરા માટે મોડો નઈ પડે”. આપણે પપ્પા ને બહુ તરછોડી દઈએ છે. એને ઘર માં વટ કરવાનું મન થાય છે એ ઘર નો શહેનશાહ છે અમુક વર્ષ પછી આપણે એને ચૂપ કરી દઈએ છે. મિત્રો એને રાજા જ રેવા દેજો એ હતા તો જ તો આપણે છીએ. એના હાથ માં એ જ ૩૫૦ ની ઘડીયાળ હસે ને આપના હાથ માં મોંઘા માં મોંઘી ઘડીયાળ હશે. દિકરો કેશે કે તમે નાવા સાબુ થી દાઢી કરો છો ત્યારે પપ્પા કેસે કે મને કરવા દે તું જિલેટ

વાપર જે. દીકરો કેશે કે પપ્પા ચપ્પલ તૂટી ગયા તમારા ત્યારે પપ્પા કેસે કે હજી ૨ મહિના ચાલી જસે તું બાટા ના વાપર જે. એની પરિસતીથી નહીં હતી તો પણ એને નિશાળ ની ફી ભરી છે આપણે અહિયાં બેઠા છે ને એ પપ્પા ના લીધે બેઠા છે. મમ્મી તો હજી પણ બચી જસે તમારું નામ ખરાબ થાય તો પણ આપની પાછળ પપ્પા નું નામ તરત જ આવી જાય છે માં અને બાપ એ સિક્કા ની ૨ બાજુ છે ઘર ની ૪ દીવાલ છે.

જો હજુ પણ પપ્પા ઘરે હોય તો સાચવી લેજો બાજી લેજો એને સોરી કેજો પપ્પા ને પપ્પી આપજે પપ્પા ને ખૂબ પ્રેમ આપજે રાતે સુતી વખતે જો કદાચ ભગવાન આવે તો પપ્પા ૫૦ વર્ષ નો ગુસ્સો ભૂલી ને કેસે કે આ જ કેશે કે હજુ ૧ જનમ હોય તો મને આ જ દીકરો આપ જો.

એ ઘર નો શહેનશાહ હોય છે. એને ઘર માં રાજ કરવાનું મન હોય છે. એને શહેનશાહ જ રહેવા દેજો. એને ક્યારે પણ તરછોડતા નહીં.



૧ વાર પપ્પા ના ખભા પર બેઠેલો છોકરો બોલ્યો કે “પપ્પા હું તમારા થી મોટો થઇ ગયો” પપ્પા એ કહ્યું કે “દીકરા આ ખુબસુરત ગલતફેમિ માં ભલે જરૂર રહેજે પણ મારો હાથ ક્યારે પણ નહીં છોડતો જે દિવસે આ હાથ છુટી જશે ત્યારે દીકરા આ તારું રંગીન સપનું પણ તૂટી જશે. દુનિયા એટલી બધી પણ સારી નથી જો તારા પગ નીચે હજુ જમીન નથી હું તારો બાપ છુ દીકરા ખૂબ જ ખુશ થઇ જઈશ જે દિવસે તું ખરેખર મારા થી મોટો થઇ જશે પણ દીકરા મારા ખભા પર નહી જમીન પર ઊભો થઇ જશે, આ તારો બાપ તને બધુ તારા ખભા પર આપી દેશે જે દિવસે તારો બાપ દુનિયા માંથી ચાલ્યો જશે” દુનિયા બધા જ પોતાનું દુ:ખ કોઈ ને કોઈ સાથે ઓછું કરી જ નાખે છે. પણ બાપ જ પોતાનું દુ:ખ ઓછું નથી કરી શકતો. એ બાપ ક્યારે પણ નથી રડતો કેમ કે એને ખબર છે કે તમારા ભવિષ્ય ની દોરી એના હાથ માં છે એટલે જ એ રડતો નથી, એ રડતો નથી એનો મતલબ એ નથી કે એની આંખ માં આંશુ નથી આંશુ એની અંદર પણ છે. પણ એના હોસલા નો કોઈ જવાબ નથી. એ બાપ જ એવો છે કે તમારી કામયાબી ની પ્રાથના કરે છે. છોકરો ૬૦ વર્ષ નો પણ થઇ જાય અને એનો બાપ જીવતો હોય તો પણ એનો બાપ એના દીકરા ની કામયાબી જ જોશે એને એ છોકરા બીમારી હશે. તો એ જ ૮૫ વર્ષ નો બાપ એની પાછળ એને સારો કરવા માટે એનું વધેલું જીવન લગાવી દેશે.

ભલે પોતના દીકરા કે દીકરી ના લગન હોય પણ સૌથી સસ્તા કપડાં એક પિતા ના જ હોય છે.



બાપ એના જીવનમા ૨ જ વાર રડે છે. પહેલી વાર એ કે એની છોકરી ના કન્યાદાન ના સમયે રડે છે. અને બીજી વાર એના દીકરા ની અર્થી ઊચકે ત્યારે. પણ આ બીજી વાર રડવાનો સમય કોઈ બાપ ને નહીં મળવો જોઇએ.

દુનિયા ની ભીડ માંથી ભટકી ગયો છુ. જો ફરી એકવાર પપ્પા ની આંગરી પકડાય જાય ને તો આ ભટકેલા મુસાફરને સાચો રસ્તો મળી જાય.

<u>પિતાની પુત્રને શિખામણ</u>

- વાત કરતી વખતે આંખ માં તાકી વાત કરજે
- પોતાની કમાણી કરતાં ખર્ચો ઓછો થાય તેવું જીવન ગોઠવજે.
- દિવસ માં ઓછા માં ઓછા ૩ માણસ ની પ્રસંસા કરજે.
- વર્ષ માં સકય હોય એટલી વાર સુર્યઉદય જોજે.
- પોતાની ભૂલ કબૂલવામાં ક્યારે પણ સંકોચ ના રાખતો.
- ખૂબ જ જરૂરી હોય તો જ ઉધાર લેજે.
- મુસાફરી ના સમયે ૧૫% નો વધારો કરીને ચાલજે.

- કોઈ ના સપના પર ક્યારે પણ હસતો નહીં.
- તારી પાછળ ઊભેલી વ્યક્તિને કોઈ વાર આગળ જવાની તક આપજે.
- કોઈ ની પાસે થી કશું જાણવું હોય ત્યારે વિવેકથી પણ બે વાર પુછજે.
- પ્રાર્થના કરવાનું ના ભૂલીશ, પ્રાથનામાં અમાપ અપાર શક્તિ રહેલી હોય છે.
- ઈશ્વર ઉપર પુરો વિશ્વાસ રાખજે પણ ઘરના બારણાં ને તાળું મારવાનું ભુલતો નહીં.

આવી ગણી બધી શિખામણ પિતા પુત્ર ને આપે છે જે એના જીવન માં ખૂબ જ કામ ની હોય છે. મિત્રો, આવી શિખામણ ખાલી પિતા જ આપશે.

એક દીકરો જ્યારે એને ઓફિસ માં હોય ત્યારે એને જલ્દી થી રજા પણ નથી મળતી.

મારું દીલ પૂછે છે ક્યાં જાય છે

જરાક નજર તો નાખ આગળ કબર દેખાય છે...

ના તહેવાર સચવાય છે ના વ્યવહાર સચવાય છે,

દિવાળી હોય કે હોળી હોય ઓફિસ માં જ ઉજવાય છે.

આ બધું તો ઠીક હતું હદ તો ત્યાં થઇ ગઇ,

લગ્ન ની કંકોત્રી મળે છે ને છેક શ્રીમંત જવાઈ છે...

પાંચ અક્ષર ના પગાર છે તો પણ પોતાના માટે પાંચ રૂપિયા ક્યાં વપરાઈ છે,

પોતાની પત્નિ નો ફ્રોન હોય તો બે મિનિટ માં કાપી નાખીએ છીએ બોસ નો ફ્રોન કયા કપાય છે,

સરનામા ની બુક ભરેલી છે મિત્રો સગા સંબંધી કોઇ ના ઘરે કયા જવાઈ છે,

હવે ઘર ના પ્રસંગો પણ મેડીકલ લીવ માં ઉજવાઇ છે...

કોઈ ને ખબર નથી કે ક્યાં જાય છે આ રસ્તો...

થાકેલા તો બધા છે છતાંય ચાલતા રહે છે!

કોઈ ની સામે ખુરશી દેખાઈ છે, કોઈ ને રૂપિયા દેખાય છે.

તમે જ કહેવો દોસ્તો આને જ જીંદગી કહેવાય છે...?